# તમિળનાડુમાં નિલમ વાવાઝોડું ત્રાટક્યું



ચેન્નઈ, તા.૩૧

ચક્રવાતી નિલમ વાવાઝોડુ આજે તમિળનાડુમાં ત્રાટક્યુ હતુ જેના કારણે ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. તમિળનાડુના દરિયાકાંઠે તોફાની પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો જો કે કોઈ વધારે નુકસાન ન થતા તંત્રએ રાહત અનુભવી છે. પરંતુ જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. નિલમના પ્રભાવથી ચેન્નઈ સહિત ઉત્તરિય તમિળનાડુમાં ઘણા શહેરોમાં ૧૦૦ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો અને ભારે નુકશાન થયુ હતુ. ચેન્નઈમાં પણ ભારે નુકશાન થયુ છે. વિજળી પૂરવઠો ખોરવાઈ ગયો છે. ચેન્નઈ વિમાની મથકને બંધ કરવાની ફરજ પડી છે. એક જહાજ તોફાનના કારણએ બીચ ઉપર આવી ગયા બાદ તેમાં રહેલા ૮૦ લોકોને બચાવવાના પ્રયાસ હાથ ધરાયા છે. એક અન્ય ઘટનામાં બચાવ કામગીરીમાં સામેલ જહાજ ડૂબી જતા ૧૪ લોકો ડૂબી ગયા છે. આજે સાંજે પ્રચંડ પવન સાથે મહાબલીપુરમ અને કલ્પાક્કમ વચ્ચે તમિળનાડુના દરિયાકાંઠે નિલમ વાવાઝોડુ ત્રાટક્યુ હતુ. તંત્ર દ્વારા પહેલાથી જ હાઈએલર્ટની જાહેરાત કરીને સાવચેતીના તમામ લગલા લેવામાં આવ્યા હતા. તમિળનાડુના દરિયાકાંઠે પહોંચ્યા બાદ ભારે વરસાદ થયો હતો. રાજ્યના એક અધિકારીએ કહ્યુ છે કે મહાબલીપુરમમાં ૩૯૦૦ લોકોને ૧૯ રાહતકેમ્પોમાં ખસેડવામાં આવ્યા છે. પુડુચેરી, આંધ્રપ્રદેશ અને ચેન્નઈમાં પણ હાઈએલર્ટની જાહેરાત કરાઈ છે.

હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે આશરે સાંજે ૪.૪૫ વાગ્યે આ વાવાઝોડુ દરિયાકાંઠે પહોંચ્યુ હતુ. પ્રચંડ પવન ફુકાયો હતો જેની ગતી ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપ હતી. રાજ્યના પાટનગર ચેન્નઈથી ૫૫ કિમીના અંતરે સ્થિત પ્રાચીન શહેર મહાબલીપુરમમાં વાવાઝોડુ ત્રાટક્યુ હતુ. મહાબલીપુરમ લોકપ્રિય પ્રવાસી સ્થળ પણ છે જયારે કલ્પાક્કમ પરમાણુ પ્લાન્ટ માટે જાણીતુ છે. અહીં પરમાણુ પ્લાન્ટની સાથે સાથે રિસર્ચ સંસ્થાઓ પણ આવેલી છે.


અગાઉ વાવાઝોડા નિલમે તેની તાકાત દરિયાકાંઠાને પાર કરે તે પહેલા દર્શાવી હતી. બંગાળના અખાતમાં ઓઈલ ટેન્કર અટવાઈ પડ્યુ હતુ. આ ઓઈલ ટેન્કરમાં ૧૪ લોકો હતા. જહાજ ડૂબી જતા બચાવ અને રાહત કામગીરી હાથ ધરાઈ હતી. ૧૪ લોકો પૈકી છને બચાવી લેવામાં આવ્યા હતા. અન્ય આઠ લોકો અંગે માહિતી મળી શકી નથી.

ચેન્નઈ અને આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. આગામી ૨૪ કલાકમાં પણ વરસાદ થઈ શકે છે. વરસાદના કારણે લોકોને ઘરમાં જ રહેવાની ફરજ પડી હતી. ચેન્નઈ બંદર પર વોર્નિંગ સિગ્નલ લેવલ સાત મુકી દેવામાં આવ્યા હતા. આવતીકાલે ગુરૂવારના દિવસે પણ સાવચેતીના પગલારૂપે સ્કૂલ અને કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. કેરળના ઘણા ભાગોમાં વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. વાવાઝોડાની અસર તમિળનાડુના ઘણા જિલ્લાઓમાં જોવા મળી હતી. ચેન્નઈમાં ૨૮૨ સ્કૂલોને રાહત કેમ્પમાં ફેરવી દેવામાં આવી હતી. તૈયારી ઉપર નજર રાખવા પહેલાથી જ ઘણા અધિકારીઓને ગોઠવી દેવામાં આવ્યા હતા.

## મુકેશ અંબાણીની સામે ભાજપ અને કોંગ્રેસ બંને નિઃસહાય : કેજરીવાલ

નવી દિલ્હી, તા.૩૧

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા પર ડીએલએફ સાથે તેમના બિઝનેસ સંબંધોને લઈને અને ભાજપ પ્રમુખ નીતિન ગડકરી પર ભ્રષ્ટાચારના મામલે આકરા પ્રહારો કર્યા બાદ ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન(આઈએસી)ના કાર્યકર અરવિંદ કેજરીવાલે આજે વધુ આક્રમક રજુઆત કરીને ભાજપ અને કોંગ્રેસની ઉંઘ હરામ કરી દીધી હતી. કેજરીવાલે ધડાકો કર્યો હતો કે કોંગ્રેસ અને ભાજપ બંને મુકેશ અંબાણી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ખિસ્સામાં છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીની સામે ભાજપ અને કોંગ્રેસ બંને નિઃસહાય છે. મુકેશ અંબાણીને ટાર્ગેટ બનાવતા કેજરીવાલે કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટીના નિર્ણય લેવામાં મુકેશ અંબાણીની ભૂમિકા રહેલી છે. કેજરીવાલે કહ્યુ હતુ કે રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ વચ્ચે સીદી સાઠગાંઠ રહેલી છે. દેશમાં ગેસની કિંમતો વધારવા મુકેશ અંબાણીએ કોંગ્રેસ અને ભાજપ સાથે સાંઠગાંઠ કરી છે. રિલાયન્સ કંપનીએ કેજી બેસીન મામલે પોતાની રીતે કામ કર્યુ છે. અને સરકારને તેની સમક્ષ ઝુકી જવાની ફરજ પડી છે. દિલ્હીના કન્સ્ટીટ્યુશનલ પ્રેસ ક્લબમાં અરવિંદ કેજરીવાલે એક પછી એક આરોપો કરીને માત્ર કોંગ્રેસ અને ભાજપની જ નહીં બલકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની પણ ઉંઘ હરામ કરી દીધી હતી. કેજરીવાલે કહ્યુ હતુ કે મુકેશ અંબાણીએ કોંગ્રેસ સરકારના નિર્ણયો ઉપર પણ વર્ચસ્વ જમાવ્યુ હતુ. તેમણે ગેસની સંગ્રહખોરી કરવા અને સરકારને બ્લેકમેઈલિંગ કરવાનો આક્ષેપ કર્યો હતો. દેશમાં મોંઘવારી માટે રિલાયન્સ જવાબદાર હોવાનો દાવો કરીને કેજરીવાલે કહ્યુ હતુ કે જે વિજળી સસ્તી મળવી જોઈએ તે વિજળી ખુબ ઉંચી કિંમત મળી રહી છે. પત્રકાર પરિષદમાં આઈએસીના સભ્ય અરવિંદ કેજરીવાલ અને પ્રશાંત ભૂષણે કોર્પોરેટ જગતની હસ્તી નિરા રાડિયાની ટેપના કેટલાક હિસ્સાઓ



પણ સંભળાવ્યા હતા જેમાં રાડિયા, દેશના પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેઈના જમાઈ રંજન ભટ્ટાચાર્ય વચ્ચે વાતચીતની નોંધ છે. કેજરીવાલે રેકોર્ડની વાતચીતને ટાંકીને કહ્યુ હતુ કે આ ટેપમાં રંજન ભટ્ટાચાર્ય એમ કહી રહ્યા છે કે કોંગ્રેસ અમારી દુકાન છે. કેજરીવાલે અગાઉની એનડીએ સરકાર પર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે મુકેશ અંબાણીને કોન્ટ્રાક્ટ એનડીએ સરકારે આપ્યા હતા. હાલમાં સરકાર રિલાયન્સની સામે નિઃસહાય છે.

કોંગ્રેસ પાર્ટી અને ભાજપ રિલાયન્સની સામે નિઃસહાય દેખાઈ રહી છે. કેજરીવાલે કહ્યુ હતુ કે દેશમાં મોંઘવારી રિલાયન્સને સરકાર દ્વારા ફાયદો પહોંચાડવાના કારણે છે. કેજરીવાલે પોતાના આક્ષેપો બાદ પ્રશ્ન કરતા કહ્યુ હતુ કે કેજી બેસીનમાં રિલાયન્સને કોન્ટ્રાક્ટ કેમ આપવામાં આવ્યો હતો. કેજરીવાલની વાત માનવામાં આવે તો સરકારે રિલાયન્સને ઈચ્છિત કિંમતો આપી હતી. પ્રશ્ન એ છે કે રિલાયન્સને ફાયદો કેમ પહોંચાડવામાં આવ્યો હતો. કોંગ્રેસના વડા સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા અને ભાજપ પ્રમુખ નીતિન ગડકરી સામે આક્ષેપો કરીને બંનેને મુશ્કેલીમાં મુકી દીધા બાદ કેજરીવાલે આજે રિલાયન્સ સામે તોપ તાકી દીધી હતી. કેજરીવાલ અને ભૂષણે અગાઉ કહ્યુ હતુ કે ડીએલએફ અને વાઢેરા વચ્ચેની સૌદાબાજીમાં ગેરરીતિ દેખાઈ રહી છે.

## સમાચાર ઝલક

- તામીલનાડુમાં દરિયાઇ દબાણથી મુશળધાર વરસાદ.
- ૨૭મો ઇન્દિરા ગાંદી પુરસ્કાર ગુલઝારને સોનિયા ગાંધી એનાયત કરશે.
- ઇન્ડોનેશિયામાં સાંપ્રદાયિક હિંસામાં ૧૨નાં મોત, સેકડો ઘાયલ.
- શેરબજારમાં નરમાઇના રૂખ સાથે ખૂલ્યું.
- ભાજપ પ્રમુખશ્રી નિતીન ગડકરીનું દબદબાપૂર્વક સન્માન કરતાં મુંબઇ વાસીઓ.
- સોનાની આયાતમાં આખા દેશમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે.
- સૂરતમાં ચંદની પડવાના દિને જ મોહન મીઠાઇ, મોતી વીરજી મીઠાઇવાળાની દુકાનોએ આવકવેરા ખાતું ત્રાટક્યું.
- પાકિસ્તાનમાં સિંધુપ્રદેશમાં હિન્દુઓ હોવાથી કરપીણ હત્યા.
- અમદાવાદમાં આંગડિયા પેઢી પર આવકવેરા ખાતાનો દરોડો.
- ભાવનગરમાં ૧૪ લાખ રૂપિયાની નકલી નોટો ફ્લાઇંગ સ્કોર્ડે ઝડપી પાડી.
- આજે પ્રધાનમંત્રી શ્રી મનમોહનસિંહજી પ્રધાનમંડળની બેઠક યોજી દેશનાં પ્રશ્નોની ચર્ચા કરશે.
- જામનગરના લાલપુરની કોર્ટમાં ખૂન કેસના આરોપી પર હુમલો થતાં મોત.
- ભારત-પાકિસ્તાનની ક્રિકેટ મેચને ગૃહમંત્રાલયની મંજુરી, અમદાવાદમાં ભારત-પાકિસ્તાનની વનડે રમાશે.
- પાકિસ્તાનમાં પેસેન્જર વાનમાં બોંબ વિસ્ફોટથી ૨૪ વ્યક્તિઓના મોત.
- ભાજપની ટીમ ભાવનગરમાં પ્રચાર માટે ઘુમી વળશે.
- અમદાવાદમાં ૩૦૦ કિલો શિખંડ જથ્થો અખાદ્ય હોવાથી આરોગ્ય ખાતાએ નાશ કર્યો.

## સાઉદી અરબિયામાં એક લગ્ન કાર્યક્રમમાં ભીષણ આગ ફાટી નીકળતા ૨૮ લોકોના મોત

લંડન, તા.૩૧

સાઉદી અરબિયામાં એક લગ્ન કાર્યક્રમમાં ભીષણ આગ ફાટી નીકળતા ઓછામાં ઓછા ૨૮ લોકોના મોત થઈ ગયા છે અને ૩૦થી વધુ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે જેથી મોતનો આંકડો ઝડપથી વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. બનાવ બાદ બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અબક્વેક ક્ષેત્રના આઈનબદ્ર ગામમાં એક લગ્ન કાર્યક્રમમાં સેંકડો લોકો એકત્રિત થયા હતા તે જ વેળા ગોળી ચલાવવામાં આવ્યા બાદ હાઈ વોલ્ટેજ વિજળી તાર તૂટી પડતા આગ ફાટી નીકળી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ વિજળીના તાર એક માત્ર પ્રવેશદ્વારા સાથે સ્પર્શ થઈ જતા લોકોને બહાર




નિકળવાની તક મળી ન હતી. આ ઘટનામાં ૨૫થી વધુ લોકોના ઘટનાસ્થળે મોત થઈ ગયા હતા. ૩૦થી વધુ લોકોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘાયલોને અરામકો અને અબક્વેકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોએ કહ્યુ છે કે મૃતકોમાં મોટાભાગમાં મહિલાઓ અને બાળકો છે. સમગ્ર મામલામાં તપાસનો આદેશ આપી દેવાયો છે. નાગરિક સંરક્ષણ વડાને ટાંકીને અખબારે કહ્યુ છે કે શણગારેલી ચીજવસ્તુ પર આ વિજળીનો તાર પડ્યો હતો. પ્રિન્સ મહોમ્મદ બિન ફાહાદ દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યા બાદ થોડાક દિવસમાં નવી વિગત સપાટી પર આવી શકે છે.

## હિમાચલ ચૂંટણી : ભ્રષ્ટાચાર મુદ્દે રાહુલના આકરા પ્રહારો

બિલાસપુર, તા.૩૧

હિમાચલપ્રદેશના ચૂંટણી પ્રચારમાં ભાજપ અને કોંગ્રેસના ટોચના નેતાઓ વ્યસ્ત બનેલા છે. સોનિયા ગાંધીએ ભાજપ ઉપર આકરા પ્રહાર કર્યા બાદ આજે હિમાચલમાં કોંગ્રેસના જનરલ સેક્રેટરી રાહુલ ગાંધીએ પણ મોરચા સંભાળી લીધા હતા. તેના નેતાઓ સામે ભ્રષ્ટાચારના આરોપો મામલે ભાજપ ઉપર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે આવા આક્ષેપોનો સામનો કરી રહેલા તેના પોતાના નેતાઓ સામે પગલા લે તે જરૂરી છે.

રાહુલ ગાંધીએ ભાજપના વડા નીતિન ગડકરીનો દેખીતી રીતે ઉલ્લેખ કરતા આ મુજબના પ્રહાર કર્યા હતા. તેમણે ઉમેર્યુ હતુ કે જ્યારે પણ ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે અમે ચોક્કસપણે પગલા લીધા છે. પરંતુ ભાજપે ભ્રષ્ટાચારના આક્ષેપો



થયા છે ત્યારે તેમના નેતાઓ સામે પગલા લીધા નથી. શબ્દોનો ઉપયોગ તેમના દ્વારા કરવામાં આવ્યો નથી. હિમાચલના બિલાસપુરમાં રેલીને સંબોધતા ગાંધીએ લોકોને યાદ અપાવી હતી કે ભ્રષ્ટાચાર સામે લડત ચલાવવા કોંગ્રેસ સરકાર જ આરટીઆઈ લાવવામાં સફળ રહી છે. રાજ્ય સભામાં લોકપાલને પસાર કરવાનો વિરોધ ભાજપ દ્વારા કરવામાં આવ્યો હતો.

રાહુલ ગાંધીએ એવા ભાજપના આક્ષેપને રદિયો આપ્યો હતો કે એફડીઆઈના કારણે નુકસાન થશે. ગાંધીએ ઉમેર્યુ હતુ કે ખેડૂતોના લાભ માટે એફડીઆઈ છે. ગાંધીએ એક પછી એક આકરા પ્રહારો કર્યા હતા. વિરોધ પક્ષો કહી રહ્યા છે કે ગ્રામિણ રોજગાર યોજના અથવા તો મનરેગા યોજના ખોટી છે. ખેડૂતોને લોન માફી ખોટી છે. સર્વ શિક્ષા અભિયાન યોગ્ય નથી. એફડીઆઈની યોજના ખોટી છે. કારણ કે કોંગ્રેસ આ બધી યોજના લાવી રહી છે. રાજ્યમાં જમીન ફાળવણીના મુદ્દા પર રાહુલે આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યુ હતુ કે લોકોની એવી ફરિયાદ છે કે તેમની કિંમતી જમીન બહારના લોકોને આપવામાં આવી રહી છે. પક્ષમાં મોટી ભૂમિકા અદા કરવા તૈયારી કરી રહેલા રાહુલે રાજકારણમાં સામેલ થવા યુવાનોને અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ હિમાચલમાં પ્રચાર કરી ચુક્યા છે. રાહુલે સત્તા ઉપર આવવા કોંગ્રેસને મત આપવા અપીલ કરી હતી. હિમાચલમાં બેરોજગારીની સમસ્યાનો મુદ્દો પણ રાહુલે ઉઠાવ્યો હતો.

## સેન્ડી વાવાઝોડાના આતંક બાદ જનજીવન અસ્તવ્યસ્ત

વોશિંગ્ટન,તા.૩૧

વિનાશકારી સેન્ડી વાવાઝોડું હવે અમેરિકામાંથી પસાર થઈ ચૂક્યું છે પરંતુ પોતાની પાછળ અભૂતપૂર્વ નુકસાન છોડીને ગયું છે. વાવાઝોડામાં ૪૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. ૮૦ લાખ લોકોના ઘરમાં હજુ વીજળી નથી. જાહેર પરિવહન વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. સેન્ડી વાવાઝોડાના આતંક બાદ હવે જનજીવનને પાટા ઉપર લાવવામાં ઘણા દિવસો નીકળી જાય તેવી શક્યતા છે. ઘણા વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા છે. ઓબામા તંત્રને સ્થિતિને સામાન્ય બનાવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. દેશના સમગ્ર પૂર્વીય વિસ્તારમાં હાલત કફોડી બનેલી છે. સેન્ડી હવે અમેરિકામાં ભારે નુકસાન કર્યા બાદ કેનેડા તરફ આગળ વધી રહ્યું છે. આ પહેલાં તે અમેરિકામાં અભૂતપૂર્વ



નુકસાન કરી ગયું છે. વાવાઝોડાના કારણે એકલા ન્યૂયોર્ક શહેરમાં ૧૮ લોકોના મોત થયા છે. અમેરિકા પહેલાં સેન્ડી વાવાઝોડાથી કેરેબિયન ક્ષેત્રમાં ૧૦૦ લોકોના મોત થયા હતા. અમેરિકાના રાષ્ટ્રીય હવામાન વિભાગે કહ્યું છે કે વાવાઝોડાના કારણે દરિયામાં રેકોર્ડ ૧૪ ફૂટ ઊંચા મોજા ઉછળ્યા હતા. આ મોજાઓ ન્યૂયોર્કના મેનહટન સુધી પહોંચ્યા હતા. એકંદરે ૫ કરોડથી વધુ લોકો વાવાઝોડાથી પ્રભાવિત થયા છે. આશરે એક લાખ લોકોને પોતાના ઘરમાંથી અન્યત્ર જવાની ફરજ પડી છે. ઉડ્ડયનો ઉપર નજર રાખનાર વેબસાઈટ ફ્લાઈટ અવેઅરનું કહેવું છે કે સેન્ડી વાવાઝોડાના કારણે ૧૮ હજારથી વધુ ફ્લાઈટો રદ કરવામાં આવી છે. અમેરિકાના વીજળી વિભાગનું કહેવું છે કે તોફાનના કારણે ઓછામાં ઓછા ૮૦ લાખ ઘરમાં વીજળીની વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. ન્યૂયોર્કના અંડર ગ્રાઉન્ડ પરિવહનને ૧૦૮ વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ નુકસાનનો સામનો કરવો પડ્યો છે. સુરંગોમાં પાણી ભરાઈ ગયા છે. વીજળી વ્યવસ્થાને પુન શરૂ કરવા સૌથી પહેલા સાધનોને સ્વસ્થ કરવા પડશે. ન્યૂયોર્કના મેયર માઈકલ બ્લુમબર્ગનું કહેવું છે કે બુધવારથી શહેરમાં ટ્રેનો પુનઃ શરૂ થઈ શકે છે. ન્યૂયોર્કના તમામ મોટા વિમાની મથકો હજુ પણ બંધ હાલતમાં છે. કારણ કે રન વે ઉપર પાણી ભરાઈ ગયા છે. બ્લુમબર્ગના જણાવ્યા મુજબ શહેરના મોટાભાગના વિસ્તારોમાં વીજળી સ્થાપિત કરવા બેથી ત્રણ દિવસનો સમય લાગી શકે છે. વાવાઝોડાના કારણે ગઈકાલે ભારે હિમવર્ષા પણ થઈ હતી. હિમવર્ષા પશ્ચિમી ન્યૂયોર્ક અને કેનેડામાં થઈ છે. બે દિવસ સુધી ન્યૂયોર્ક શેરબજાર બંધ રહ્યા બાદ હવે ફરી ખુલનાર છે. ન્યૂયોર્કના ગવર્નર ક્રિસ ક્રિસ્ટીએ કહ્યું છે કે ન્યૂયોર્કને ન્યૂજર્સીથી જોડનાર ટ્રેન સેવા ૧૦ દિવસ સુધી બંધ રહી શકે છે. દરમિયાનમાં પ્રમુખ બરાક ઓબામાએ ચૂંટણી પ્રચારની ઝુંબેશને હજુ પણ બંધ રાખી છે. જો કે રિપબ્લિકન ઉમેદવાર રોમનીએ પ્રચાર પ્રક્રિયાને તીવ્ર બનાવી દીધી છે. ઓહિયોમાં રોમનીએ રેલીને સંબોધી હતી. જો કે રોમનીના નજીકના સમર્થક અને ન્યુજર્સીના ગવર્નર ક્રિસ્ટીએ બરાક ઓબામાની પ્રશંસા કરી છે. મળેલી માહિતી મુજબ કાટમાળને દૂર કરવા ઉપર હવે ૩૦થી ૪૦ અબજ ડૉલરનો ખર્ચ કરવામાં આવશે. જયારે ૨૦૦૫માં કેટરીના કાટમાળને દૂર કરવામાં ૧૦૦ અબજ ડૉલરનો ખર્ચ કરાયો હતો. અમેરિકામાં કેટલીક સેવાઓ પુનઃ શરૂ કરવાના પ્રયાસો સફળ રહ્યા છે.

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

પહેલા સિગારેટ પીવી, ચાર માણસ વચ્ચે દારૂ પીવો આવી બધી બાબતો તે સામાજિક માન્યતા નહોતી. સિગારેટ પીનારા મોંઢુ સંતાડીને જ પીતા અને માઉથ ફ્રેશનર્સથી ચોખ્ખા થઈ ઘરે પાછાં ફરતાં... મધ્યમ વર્ગીય પરિવારમાં તો વ્યસનો એકદમ વર્જ્ય જ હતાં. એકાદી વ્યક્તિ વ્યસન વિશે કંઈક ગૌરવપૂર્વક વાત કરતી હોય તો સમાજ એની સામે વિચિત્ર નજરે જોતો, એના વિશે ચાર માણસ વિશે ખરાબ બોલાતું એટલે વ્યસનીને મન પર ભાર રહેતો એટલે વ્યસની ઓછાં હતા અથવા તો એવું કરવાની માત્રા ઓછી હતી!!

આજે પરિસ્થિતિ પલટાઈ છે, સિગારેટ - દારૂને સમાજમાં સ્થાન મળ્યું છે. આ કંઈ ખરાબ છે, અથવા ન જ કરાય એવું માનનારો વર્ગ છે. બીડી - સિગારેટ - ગુટખા - મસાલાનાં વ્યસની પણ એવું ઈચ્છે છે કે એમનાં સંતાનો આવાં માર્ગે ન ચઢે પણ પોતે જ એમાં લપેટાયાં હોવાથી તેઓ ઉદાહરણ પૂરૂં પાડી શકતાં નથી. જયારે એકાદો બાપ જ એનાં દીકરા માટે ગલ્લેથી મસાલાનાં પડીકા અને સિગારેટનું બોક્સ લઈને આવે છે ત્યારે આ વાત પર હસવું કે રડવું એ જ સમજમાં આવતું નથી!!

દારૂ, સિગારેટ, તમાકું અને ડ્રગ્સ વિશે સમાજ યુવાનોનાં મનમાં એની કલ્પના વિકસિત કરે છે. કોઈ પણ નાનું બાળક મોટો થઈને આ પૈકી કઈ પણ લત લગાડી લેશે એવું વિચારતું નથી. એનાં ઘરનું વાતાવરણ, આજુબાજુના લોકો, શાળા-કૉલેજની મૈત્રી, ઘરની મોટી વ્યક્તિનાં વ્યસન, વ્યસનની સાચી અણસમજ જેવી વાતોથી વ્યસની વિષેની કલ્પનાઓ તૈયાર થાય છે... વ્યસનથી દૂર રહેવાની જવાબદારી જેટલી યુવાનોની છે એટલી જ સમાજની પણ છે. જિંદગી જીવવાનો વેગ તીવ્ર છે, ભયંકર સ્પર્ધા એમાંથી ઉત્પન્ન થતું ટેન્શન, પ્રેમ, કરિયર, પ્રમોશન, કૌટુંબિક કલેશ જેવી અગણિત વાતોથી બચવાનાં ઉપાય માટે યુવા પેઢી વ્યસન તરફ ધકેલાઈ જાય છે!!

**ચૂંટલો :**

જો સિગારેટ પીવાથી મર્દાનગી મળતી હોય તો તો આપણને ઑલિમ્પિકમાં અઢળક મૅડલ ના મળત! જો દારૂ પીવાથી દર્દ - તકલીફો નિવારી શકાતી હોત તો દારૂ આપણું રાષ્ટ્રીય પીણું જ ના હોત? નશો કરવાથી થોડોક સમય કદાચ મગજ શાંત થતું હશે પણ સરવાળે તો સર્વનાશ જ થાય છે.

## પવાર સાથે કોઈ સાંઠગાંઠ હોવાનો ગડકરીનો ઈનકાર

મુંબઈ, તા.૩૧

ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કી રહેલા ભાજપ પ્રમુખ નીતિન ગડકરીએ આજે સવારે કહ્યું હતું કે તેમની સંપત્તિ ૧૨.૫ કરોડની છે અને તેઓ કોઈપણ પ્રકારની તપાસનો સામનો કરવા માટે તૈયાર છે. આજે સવારે મુંબઈ પહોંચેલા ગડકરીનું વિમાની મથકે સેંકડો સમર્થકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગડકરીએ કહ્યું હતું કે તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હિંદીમાં વાત કરતા ગડકરીએ કહ્યું હતું કે તેમની સંપત્તિ ૧૨.૫ કરોડની છે. તેમને ટાર્ગેટ બનાવવા બદલ મીડિયા ઉપર પ્રહારો કરતા કહ્યું હતું કે ખેડૂતોના અધિકાર માટે તેઓ લડત ચલાવી રહ્યા છે. કેન્દ્રીય કૃષિ પ્રધાન શરદ પવાર અને ભાજપના સાંસદ અજય સનચેટી સાથે તેમના કોઈપણ પ્રકારના સંબંધ નથી. મહારાષ્ટ્રમાં કરોડોના સિંચાઈ કૌભાંડમાં આ બંનેના નામ આવી ચૂક્યા છે.

ગડકરીએ કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં ખેડૂતોના અધિકાર માટે તેઓ લડત ચલાવી રહ્યા છે. ખાસ કરીને વિદર્ભ પ્રદેશમાં સિંચાઈ માટે લડત ચલાવી રહ્યા છે. ગડકરીએ કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલે એમ કહ્યું છે કે તેમની ખાંડ ફેક્ટરીમાં બંધમાંથી ૧૦૦ ટકા પાણીનો ઉપયોગ કરી રહ્યા છે પરંતુ ફેક્ટરીમાં ઉપયોગ કરવામાં આવતા પાણીની ટકાવારી એક ટકા કરતા પણ ઓછી છે. નાગપુરમાં તેમના આવાસ ખાતે પાર્ક કરવામાં આવેલી કારમાં એક યુવતી મળી આવવાના ૨૦૦૯ના કેસમાં તેમની કોઈ સંડોવણી હોવાનો પણ ગડકરીએ ઈન્કાર કર્યો છે. તેમનું કહેવું છે કે આ કેસમાં તપાસ બાદ તેઓ નિર્દોષ છૂટી ચૂક્યા છે પરંતુ મીડિયા દ્વારા વારંવાર બિનજરૂરી રીતે તેમને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. ગડકરીએ પૂર્વોચ્ચાર કર્યો હતો કે તેમની કંપની પૂરતી ગ્રૂપ સામે આક્ષેપો પાયા વગરના છે. ગડકરીએ અરવિંદ કેજરીવાલના આક્ષેપોને સ્પષ્ટપણે ફગાવી દીધા હતા. આવક વેરા વિભાગ અને કંપની બાબતોના મંત્રાલય દ્વારા ગડકરીની કંપનીઓ અને ૨૬ ઈન્વેસ્ટર કંપનીઓ સાથે તેમની નાણાંકીય સોદાબાજીના મામલામાં જુદી જુદી રીતે તપાસ હાથ ધરી છે.

## તાતા મોટર્સ ૩૦ અબજ ડોલરની કંપની બની શકે

મુંબઈ, તા.૩૧

ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સાક્સે તેના અહેવાલમાં જણાવ્યું છે કે તાતા મોટર્સ નાણાંકીય વર્ષ ૨૦૧૭ સુધી ૩૦ અબજ ડોલરની માર્કેટ મૂડી સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે. તાતા મોટર્સ ૩૦ અબજ ડોલરની કંપની બની શકે છે તેવી ગોલ્ડમેનની આગાહીથી આ કંપનીના શેરમાં આગામી દિવસોમાં જોરદાર તેજી આવી શકે છે. ઓટો બનાવતી આ કંપનીની માર્કેટમૂડી હાલ ૧૩.૮ અબજ ડોલર છે. બેંકનો મત છે કે કંપનીમાં રોકડ પ્રવાહ આ ચાર વર્ષના ગાળા દરમિયાન આશરે બે ગણી ઝડપથી આગળ વધશે. ૩૦ અબજ ડોલરની માર્કેટ કેપ સુધી પહોંચવાના હેતુસર તાતા જગુઆર લેન્ડ રોવર યુનિટને નવા પ્લેટફોર્મ સાથે આગળ વધવાની જરૂર છે. રેન્જ રોવર અને ડિસ્કવરી જેવા પ્રવર્તમાન મોડલમાં સુધારા કરવાની જરૂર છે. સાથે સાથે ફ્યુઅલ અસરકારકતા અને કિંમત તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે.